# દહેજના વિઝન પ્રોડક્ટ્સના પ્લાન્ટમાં આગ

**બ્લાસ્ટ** બાદ આગ લાગતાં આખો પ્લાન્ટ ખાખ, જાનહાનિ ટળી



ભરૂચઃ દહેજ GIDCમાં આવેલી વિઝન પ્રોડક્ટ્સ પ્રા. લિ. કંપનીમાં સોમવારે વહેલી સવારે શક્તિશાળી વિસ્ફોટ બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. બ્લાસ્ટનો અવાજ લગભગ 7 કિલોમીટર સુધી સંભળાયો હતો, જ્યારે આગના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાયા હતા. આગ એટલી વિકરાળ હતી કે સમગ્ર પ્લાન્ટ તેની ઝપેટમાં આવી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ 7થી વધુ ફાયર બ્રિગેડની ટીમો ઘટના સ્થળે દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવવા માટે પાણી અને ફોમના ઝરાઓ વરસાવવાનું શરૂ કર્યું હતું. વાગરાના મામલતદાર વિરલ વસાવાએ જણાવ્યું કે, આગની ઘટનાની માહિતી મળતાં જ તમામ કટોકટી ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી. અત્યાર સુધી કોઈ જાનહાનિ થઈ નથી. કંપનીના પ્રતિનિધિઓના જણાવ્યા અનુસાર તમામ કર્મચારીઓ સુરક્ષિત છે. તેમણે ઉમેર્યું કે આગ લાગવાનું પ્રાથમિક કારણ હજુ સ્પષ્ટ નથી અને નુકસાનીનું મૂલ્યાંકન થયા બાદ જ વિગતવાર અહેવાલ તૈયાર કરાશે.ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થના ડેપ્યુટી ડાયરેક્ટર દિનેશ ગામીતે સ્પષ્ટતા કરી કે, કંપનીના વેરહાઉસમાં રાખવામાં આવેલા સોલ્વન્ટના ડ્રમમાં આગ લાગી છે, કોઈ વિસ્ફોટ થયો નથી. તેમણે વધુમાં જણાવ્યું કે, 8 ફાયર ટેન્ડરની મદદથી આગ પર મોટા ભાગે કાબૂ મેળવી લેવાયો છે, પરંતુ સોલ્વન્ટ સંપૂર્ણપણે બળી ન જાય ત્યાં સુધી આગ ઓલવવામાં હજુ એકથી દોઢ કલાકનો સમય લાગી શકે છે. આગનું ચોક્કસ કારણ અજાણ છે, પરંતુ સોલ્વન્ટ ઢોળાવ અથવા સ્ટેટિક ચાર્જને પ્રાથમિક કારણ માનવામાં આવી રહ્યું છે.



# સાગબારાની સરકારી જમીનમાં ગેરકાયદે પથ્થર-માટીખનન

**મામલતદાર** ટીમની કડક કાર્યવાહી

સાગબારાઃ સાગબારા તાલુકાની સરકારી જમીનમાં પરવાનગી વિના માટી-મોરમ અને પથ્થરના ગેરકાયદે ખનનનો બનાવ સામે આવ્યો છે. મામલતદાર નીતિન મકવાણા અને મહેસૂલ વિભાગની ટીમે આ મામલે આંખ લાલ કરી સ્થળ તપાસ હાથ ધરી હતી.ચિત્રા કેવડી ગામ નજીક રાષ્ટ્રીય ધોરી માર્ગની બાજુમાં આવેલી સરવે નં.90ની સરકારી જમીન પર મામલતદારની ટીમે દરોડો પાડ્યો હતો. તપાસમાં હિટાચી મશીન વડે લગભગ 1 એકર જેટલી જમીનમાં 15 ફૂટ ઊંડો ખાડો ખોદીને માટી, મોરમ અને પથ્થર કાઢવામાં આવી રહ્યું હોવાનું સ્પષ્ટ થયું હતું. આ સામગ્રી અન્ય વ્યક્તિઓને વેચાણ માટે પૂરી પાડવામાં આવતી હોવાની પણ પ્રાથમિક તપાસમાં માહિતી મળી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નિઝર તાલુકામાં ત્રણ સાપનું રેસ્ક્યુ



કુકરમુંડાઃ નિઝર તાલુકાના આડદા ગામેથી 'રૂપસુંદરી' (ઈંડિયન ત્રિનકેટ), કાવઠા ગામેથી 'ધામણ' અને અન્ય એક ગામમાંથી 'નાગ' સાપ મળી આવ્યા હતા. સ્નેક રેસ્ક્યુઅર સૂરજ વળવીએ તાત્કાલિક પહોંચી ત્રણેય સાપનું રેસ્ક્યુ કર્યું હતું. ત્રિનકેટ અને ધામણ બિનઝેરી હોવાથી જોખમી નથી. તમામ સાપને માનવ વસાહતથી દૂર કુદરતી વાતાવરણમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યા હતા.

### બારડોલીમાં બાઈકની ચોરી થતાં ફરિયાદ

બારડોલીઃ બારડોલી સરકારી દવાખાનાના પાર્કિંગમાંથી ગત તા.૯ ઓગસ્ટે આશિયાના નગરના વેપારી દિલશાદ રાઈનની રૂ.૧૫,૦૦૦ ની કિંમતની હોન્ડા યુનિકોર્ન બાઇક નં.(GJ-26-J-4867) ચોરાઈ ગઈ હતી. શોધખોળ બાદ પણ પત્તો ન મળતાં તેમણે તા.૧૬ ઓગસ્ટે અજાણ્યા ઈસમ સામે બારડોલી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### બારડોલીના જલારામ મંદિરમાં 20મીએ વિનામૂલ્યે જનોઈ વિતરણ કાર્યક્રમ

બારડોલીઃ બારડોલીના જલારામ મંદિર ખાતે ભક્તરાજ જલારામ પ્રાર્થના સમાજ બારડોલી દ્વારા રક્ષાબંધનના તહેવારને લઈ તા. 20-8-2026 ને ગુરુવારે સવારે 10થી 11 વાગ્યા દરમ્યાન વિનામૂલ્યે સિદ્ધ કરેલી જનોઈનું વિતરણ કરવામાં આવનાર છે. જનોઈનો લાભ લેવા માંગતા ભક્તોજનોએ સમયસર હાજર રહી જનોઈ મેળવી લેવા મંદિરના પૂજારી જીતુભાઈ નાયકે જણાવ્યું છે.

### સાયખાના વિહાનસિંહ રાજને ગોલ્ડ મેડલ



ભરૂચઃ આણંદ ખાતે યોજાયેલી 16મી ઓલ ગુજરાત શોટકન કરાટે ચેમ્પિયનશિપ-2026માં વાગરાના સાયખા ગામના વિહાનસિંહ કરણસિંહ રાજે ગોલ્ડ મેડલ જીતી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. આ સિદ્ધિથી તેમના પરિવાર તેમજ રાજપૂત સમાજનું માથું ગૌરવથી ઊંચું થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિહાનસિંહના દાદા નરેન્દ્રસિંહ રાજ ભરૂચ રાજપૂત હિતવર્ધક મંડળના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે.

### ઉચ્છલનો વોન્ટેડ બુટલેગર ઝડપાયો



વ્યારાઃ તાપી LCB અને પેરોલ ફર્લો સ્ક્વોડે પેટ્રોલિંગ દરમિયાન સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઉચ્છલના પ્રોહિબિશન ગુનામાં વોન્ટેડ આરોપી 20 વર્ષીય કિરણ રાજુ દાને (રહે.,ઉકાઈ) ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીને આગળની કાર્યવાહી અર્થે સોનગઢ પોલીસને સોંપ્યો છે.

### ઘાટામાં પાણીની ટાંકીનું કામ ન થતાં આવેદન

વ્યારાઃ વ્યારાના ઘાટા ગામના વેલજીપુરા ફળિયામાં વર્ષ 2014-15 દરમિયાન પાણીની ટાંકી બનાવવામાં નાણાંકીય ગેરરીતિ આચરવામાં આવી હોવાનો આક્ષેપ સાથે ગતરોજ ગામનાં જાગૃત યુવાને તાપી કલેક્ટર આવેદનપત્ર આપ્યું હતું અને જરૂરી તપાસની માંગ કરી જવાબદાર સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. વર્ષ 2014-15 દરમિયાન ગામના વેલજીપુરા ફળિયામાં પાણીની ટાંકી બનાવવા માટે રૂ.19.83 લાખનું એગ્રીમેન્ટ કરાયું હોવાનો આવેદનપત્રમાં ઉલ્લેખ કરાયો છે.

### વીરપોર-બુહારી ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી

વાલોડઃ સ્વતંત્રતા દિવસની માનવ કલ્યાણ ટ્રસ્ટ (બલ્લુ કાકા સંકુલ) વીરપોર-બુહારી ખાતે ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રભક્તિના આ અનુપમ અવસરે માતૃભૂમિ માટે પોતાનું બલિદાન આપનાર સૌ સ્વાતંત્ર્ય સેનાનીઓનું સ્મરણ કરીને સર્વેને ભાવાંજલિ અર્પિત કરવામાં આવી હતી. આ અવસરે માનવ કલ્યાણ ટ્રસ્ટના ઉપપ્રમુખ કર્ણ દેસાઈ, વિનીત દેસાઈ, કોલેજના પ્રિન્સિપલ જયંતીભાઈ ચૌધરી, હાઇસ્કૂલના પ્રિન્સિપલ નયનાબેન તથા વિદ્યાર્થીઓ હાજર હતા.

### બુહારીના રામજી મંદિરમાં બ્લડ ડોનેશન કેમ્પ

વાલોડઃ બુહારી ખાતે શ્રી નમોઃ ગણેશ યુવક મંડળ-વાડી ફળિયુ ગ્રુપ દ્વારા રામજી મંદિરમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો, જેમાં કુલ 36 બોટલ રક્ત એકત્ર કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયા, જિ.પં. પ્રમુખ ચંચળબેન ચૌધરી, રામજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ ઉદયભાઈ દેસાઈ, માનવ કલ્યાણ ટ્રસ્ટના ઉપપ્રમુખ કર્ણ દેસાઈ તથા વિનીત દેસાઈ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઝાડેશ્વરના BAPS મંદિરે ધ્વજવંદન

ભરૂચઃ ભરૂચના ઝાડેશ્વરના BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે ૧૫મી ઓગસ્ટો ૮૦મો સ્વતંત્રતા દિવસ દબદબા સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના વરિષ્ઠ સંત પૂજ્ય યજ્ઞેશ્વર સ્વામીના કરકમળે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

## ઝઘડિયાના રાજપારડી GMDC માર્ગ પર ખાડો બન્યો ખતરો



ભરૂચઃ ઝઘડિયાના રાજપારડી ખાતે GMDC ફાટકથી GMDC પ્લાન્ટ સુધીનો મુખ્ય માર્ગ હાલ એવો બિસ્માર બન્યો છે કે આ માર્ગે આવવા-જવાનું જાણે જાનને જોખમ સમાન બની ગયું છે. ઠેર ઠેર ૨-૩ ફૂટ ઊંડા ખાડા પડી જવાથી ચારેય દિશામાં ગાડીઓ ડોલતી જોવા મળે છે, તો બાઇક સવારોને ઘડી-ઘડી પડવાનો ભય સતાવે છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ થોડા મહિનાઓ પહેલાં આ માર્ગના નવીનીકરણ માટે સ્થાનિક ધારાસભ્ય, પંચાયત અધ્યક્ષ અને અન્ય હોદ્દેદારોની ઉપસ્થિતિમાં ભવ્ય ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. શુભ મુહૂર્તે પૂજન-અર્ચન કરીને કામ શરૂ કરવાની ઘોષણા કરવામાં આવી હતી, પણ તે પછીના ઘણા મહિનાઓ વીતી જવા છતાં યોજના કાગળિયા પૂરતી જ સીમિત રહી છે. એકપણ ખાડો ન પુરાતાં, નવા ખાડા ઉમેરાતા જાય છે.

## માંડવીમાં પિકઅપ વાહનમાં પશુઓની ગેરકાયદે હેરાફેરી

માંડવીઃ માંડવી-કીમ રોડ પર સહયોગ હોટેલ સામે તડકેશ્વર પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, નંદેલાવ નહેલી ત્રણ રસ્તા તરફથી એક પિકઅપમાં પશુઓને કતલના ઈરાદે ભરીને કીમ ચાર રસ્તા તરફ લઈ જવાઈ રહ્યાં છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી GJ-05-BZ-3708 નંબર ની મહિન્દ્રા બોલેરો પિકઅપને અટકાવી તલાસી લેતાં ક્રૂરતાપૂર્વક બાંધેલી ૩ ભેંસ (કિં.રૂ.૯૦,૦૦૦) અને ૩ પાડી (કિં.રૂ.૪૫,૦૦૦) મળી ૬ પશુ મળી આવ્યાં હતાં. પોલીસે વાહનચાલક અખ્તર શહીલ અહમદ (ઉં.વ.૨૨) (રહે.,સપનાનગર ફળિયું, પાલોદ)ની અટકાયત કરી પશુઓ, રૂ.૩ લાખની પિકઅપ તથા રૂ.૫,૦૦૦નો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૪,૪૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## ભોરઆમલી ગામે દીપડાએ વાછરડાનો શિકાર કર્યો

સાગબારાઃ સાગબારામાં દીપડાઓનો આંતક દિવસે ને દિવસે વધતો જાય છે. તાજેતરમાં જ તાલુકાના ભોરઆમલી ગામે એક દીપડાએ ઘરનાં આંગણામાં બાંધેલા વાછરડાને શિકાર બનાવી મોતને ઘાટ ઉતારી દીધો છે. આ બનાવે સમગ્ર વિસ્તારમાં દહેશત ફેલાવી દીધી છે. ભોરઆમલી ગામનાં ઉષાબેન દિનેશભાઈ વસાવાના ઘરનાં આંગણામાં પશુઓ બાંધવામાં આવ્યાં હતાં. ગત રાત્રિ દરમિયાન દીપડાએ ત્યાં પ્રવેશ કરી એક વાછરડાને શિકાર બનાવ્યો હતો. નોંધનીય છે કે, આ પહેલાં પાટ, પાંચ પીપરી, ટાવલ, નવાગામ અને સેલંબા વિસ્તારમાં દીપડાએ માનવીય હુમલાઓ પણ કર્યા હતા. હવે ભોરઆમલી ગામે બનેલી ઘટના તાલુકાવાસીઓ માટે ગંભીર ચેતવણી સમાન છે.

# ઉંભેળમાં ૮૦૦ બોરી ચોરીની સિમેન્ટ સાથે બેની અટકાયત

**સુરત** એલસીબીની કાર્યવાહી, રૂ.૧૫.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો

પલસાણાઃ સુરત એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે નેશનલ હાઈવે પરથી પસાર થતાં ભારવાહક વાહનોમાંથી કીમતી સામાનની ચોરી કરતા નેટવર્કને પકડી પાડ્યો હતો.

કામરેજના ઉંભેળમાં ને.હા. નં.૪૮ પર કાવેરી કંપનીથી હરિપુરા તરફ જવાના રોડ પરથી પોલીસે ચોરીની સિમેન્ટ અને વાહનો સાથે બે આરોપીને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસને બાતમી મળી હતી કે, સત્તુ મારવાડી નામનો ઈસમ તેના સાગરીતો મારફતે હાઈવે પરથી સિમેન્ટ ભરીને જતા ટ્રકોના ડ્રાઈવરો સાથે મિલીભગત કરીને પોતાના આર્થિક ફાયદા માટે સિમેન્ટની થેલીઓ ચોરી કરવાનું નેટવર્ક ચલાવે છે. આ માહિતીના આધારે ટીમે ઉંભેળમાં દરોડો પાડી એક ટાટા ટ્રકના ચાલક હરિરામ ચંદ્રિકા યાદવ (રહે.,શાંતિનગર, કડોદરા, મૂળ રહે.,શિવાન, બિહાર) અને અશોક લેલેન્ડ ટેમ્પોના ચાલક અભિનંદન કુમાર સીતારામ સૈની (રહે.,વરેલી, તા.પલસાણા, મૂળ રહે.,વૈશાલી, બિહાર)ની ધરપકડ કરી છે. આ બંને આરોપી મૂળ બિહારના વતની છે અને હાલ પલસાણામાં રહે છે. આ સિમેન્ટ ચોરીનું નેટવર્ક ચલાવનાર મુખ્ય આરોપી સત્તુનારાયણ શર્મા ઉર્ફે સત્તુને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે. આ ઓપરેશન દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી એમપી બિરલા ગ્રુપ કંપનીની ૫૦ કિલોગ્રામ વજનવાળી કુલ ૮૦૦ સિમેન્ટની થેલીઓ જપ્ત કરી છે, જેમાં ૭૩૦ થેલી ટ્રકમાંથી અને ૭૦ થેલી ટેમ્પોમાંથી મળી આવી હતી.

આ સિમેન્ટની થેલીઓ ઉપરાંત ૧૦ લાખની કિંમતનો ટાટા ટ્રક, ૩ લાખની કિંમતનો અશોક લેલેન્ડ ટેમ્પો, બે મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ રૂ.૧૫,૬૫,૨૯૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. પકડાયેલા આરોપીઓ અને તમામ મુદ્દામાલને આગળની કાર્યવાહી માટે કામરેજ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

## ખેતી બેંકની ચૂંટણીમાં ભરૂચના કનકસિંહનો ૧૧ મતે વિજય



ભરૂચઃ ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક (GSCARDB)ની વાલિયા શાખાના જિલ્લા પ્રતિનિધિ પદ માટે રવિવારે ચૂંટણી યોજાઈ હતી. પ્રથમ વખત ચૂંટણી લડનારા કનકસિંહ હરિસિંહ સાંગળોદે ૧૧ મતના તફાવતે વિજયી મેળવ્યો હતો. આ ચૂંટણીમાં સહકારી ક્ષેત્રના જાણીતા નેતાઓ યોગેન્દ્રસિંહ મહીડા અને મહેન્દ્રસિંહ મહીડાએ સાંગળોદની તરફેણમાં વ્યુહાત્મક રીતે કામગીરી કરી 'કિંગ મેકર'ની ભૂમિકા ભજવી હતી. ચૂંટણી માટે કુલ બે ઉમેદવારે ઉમેદવારી કરી હતી, જેમાં રાકેશકુમાર કેશરીસિંહ સાયણીયા (અગાઉથી સહકારી અનુભવ ધરાવતા હતા) અને કનકસિંહ હરિસિંહ સાંગળોદ ઉમેવારી કરી હતી. આ વખતે કનકસિંહ સાંગળોદ સાથે સહકારી ક્ષેત્રના યોગેન્દ્રસિંહ મહીડા અને મહેન્દ્રસિંહ મહીડાની ટીમ કામે લાગ્યા હતા. મતદાન બાદ સાંજે યોજાયેલી મતગણતરી થતાં રાકેશકુમાર સાયણીયાને ૧૬૮ મત, કનકસિંહ સાંગળોદને ૧૭૯ મત અને ૩ મત રદ જાહેર થયા. આમ, કનકસિંહ સાંગળોદ ૧૧ મતે વિજયી થયા હતા.

## ખોલવડની ગોવર્ધન રેસિન્ડસીમાં રોકડા રૂપિયા અને ઘરેણાંની ચોરી

**પુત્રી** બીમાર હોવાથી રૂપિયા લેવા ગયા તો ઘરેણાંનાં બોક્સ તૂટેલી હાલતમાં હતાં

કામરેજઃ જૂનાગઢના તડકાપીપળીયા ગામના વતની અને હાલ કામરેજના ખોલવડની ગોવર્ધન રેસિડન્સીમાં મકાન નં.60માં પંદર દિવસ અગાઉ જ હરેશ પુનાભાઈ ઢોલરીયા પરિવાર સાથે રહે છે. વર્ષ-2002માં નયનાબેન સાથે લગ્ન થયાં હતાં. ત્યારે સાસરિયા સોનાની ચેઈન દોઢ તોલા, સોનાની બુટ્ટી 6 ગ્રામ, સોનાના પાટલા ત્રણ તોલા, બે સોનાની વીંટી એક તોલા સહિત અન્ય સોનાનાં ઘરેણાં મળી 7.6 તોલા ભેટમાં આપ્યા હતા. આ ઘરેણાં મકાનના પહેલા માળ પર બેઠક રૂમમાં મૂકેલી લોખંડની સેટીની અંદર આવેલા બોક્સમાં મૂક્યા હતાં.રોકડા રૂ.1,50,000 પણ સાથે મૂક્યા હતા. બે દિવસ અગાઉ હરેશ ઢોલરીયાની પુત્રી બીમાર હોવાથી સારવાર માટે દવાખાને લઈ જવાની હોવાથી રૂપિયા ન હોવાથી પહેલા માળ પર મૂકેલી સેટીમાં રૂપિયા લેવા જતાં બોક્સ તૂટેલું જોતાં ચોરી થયાનો અંદાજ આવ્યો હતો. બોક્સમાં મૂકેલા 7.6 તાલાના સોનાનાં ઘરેણાં તેમજ રોકડા રૂ.1,10,000 ન જોવા મળતાં ઘરમાં તપાસ કરતાં બાજુના રૂમની અંદર ગ્રીલને મારેલું તાળું તોડી અજાણ્યો રસોડામાંથી રૂમમાં પ્રવેશી રૂ.38000નાં ઘરેણાં તેમજ રોકડા રૂ.1,10,000ની ચોરી નાસી છૂટ્યો હતો. જે અંગે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીની લિટલ પામ પ્રિ સ્કૂલમાં કાર્યક્રમ



સુરતઃ માંડવીના રાજપૂત ફળિયાની 'લિટલ પામ પ્રિ સ્કૂલ'માં સ્વતંત્રતા પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. આ પાવન અવસરે શાળાનાં નાનાં ભૂલકાં અને શિક્ષકો ત્રિરંગાના રંગોમાં રંગાઈને દેશભક્તિ, એકતા અને ભારતીય સંસ્કારોના રંગે રંગાયાં હતાં. ભૂલકાંએ તિરંગા સાથે દેશભક્તિપૂર્ણ પ્રસ્તુતિઓ આપી સૌનું મન મોહી લીધું હતું.

### શીયાલી ગામે બરફના શિવલિંગનાં દર્શન કરવા ભીડ ઊમટી



અંકલેશ્વરઃ ઝઘડિયાના શીયાલી ગામે આવેલા જ્ઞાનયોગ દર્શન આશ્રમ પરિસરમાં આવેલી અમરનાથ ગુફામાં બરફના શિવલિંગના દર્શન કરવા ભક્તો ઊમટી પડ્યા હતા. આ પ્રસંગે જ્ઞાન યોગ આશ્રમના મહંત કૃષ્ણસ્વરૂપ દાસજીએ જણાવ્યું હતું કે, જે લોકો અમરનાથ ગુફાના દર્શન કરવા જઈ નથી શકતા તેવા ભક્તજનો શીયાલી ગામે બરફાનીબાબાનાં દર્શન કરી પોતાની અમરનાથ યાત્રા પૂરી કર્યાનો સંતોષ માણી શકે છે.

### હથોડા પ્રાથમિક શાળામાં સ્વતંત્રતા દિવસે અનેરો ઉત્સાહ છવાયો



ઇબ્રાહીમ કાનુ

હથોડાઃ હથોડા પ્રાથમિક શાળામાં 80માં સ્વાતંત્ર દિવસની સુરત જિલ્લા લઘુમતી સમાજના ઉપપ્રમુખ હુસેન આરફનાં હસ્તે ધ્વજવંદન ફરકાવ્યા બાદ સૌ કોઈએ ધ્વજવંદનને સલામી આપી હતી. અને વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રગીત સહિત નારા લગાવીને દેશને આઝાદ કરાવવા માટે કુરબાની આપનારા લડવૈયા વડીલોની યાદ કરાવી લોકોના દિલ જીતી લીધા હતા. આ કાર્યક્રમમાં ડેપ્યુટી સરપંચ અલ્લાહ રખી નઝીર ઝીણા, ચૂંટાયેલા પંચાયતના કેટલાક સદસ્યો, તલાટી કમ મંત્રી કિરણભાઈ તથા ગ્રામજનો મોટી માત્રામાં હાજર રહ્યા હતા.

### કામરેજ અને પલસાણાનાં એકમોની જિલ્લા પોલીસ વડાએ મુલાકાત લીધી



વિશાલ પટેલ

કામરેજઃ સુરતરના અમરોલી અને કતારગામ વિસ્તારમાં એમ્બ્રોઈડરી ઉદ્યોગના મોટી સંખ્યામાં કામદારોએ આખા મહિના દરમિયાન નિયમિત રજા ન મળતી હોવાના આક્ષેપ સાથે કામદારોએ મશીનો બંધ રાખી દર રવિવારે ફરજિયાત સાપ્તાહિક રજાની માંગ કરી છે. જેના પડઘા સુરત જિલ્લામાં ન પડે તેમજ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સુરત જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયા તેમજ સુરત જિલ્લા એલસીબી પીઆઈ નરેશ પાંચાણી સહિતનો પોલીસ કાફલો પલસાણા તાલુકાના કડોદરા પોલીસ મથક તેમજ કામરેજ પોલીસ મથકની હદ વિસ્તારમાં આવેલા ખોલવડ અમૃત ઉદ્યોગનગરમાં આવેલા ઓદ્યોગિક એકમોની મુલાકાત લઈને કામદારો અને ઓદ્યોગિક એકમોના માલિકો સાથે જિલ્લા પોલીસ વડાએ સંવાદ કર્યો હતો. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારી રાખવા અનુરોધ કર્યો હતો.

### ભાદોલના ૪૫ યુવાને સ્વતંત્રતા પર્વની ઉજવણી કરી કાવડ યાત્રા આરંભી



સાયણઃ ઓલપાડના ભાદોલ ગામના યુવાનો દર વર્ષે શ્રાવણ માસ દરમ્યાન કાવડ યાત્રાનો પ્રારંભ કરે છે. ચાલુ વર્ષે જોગનુજોગ દેશની આઝાદીનો પર્વની ઉજવણી પણ આ યાત્રા સાથે સંકળાતા ગામના ૪૫ યુવાને પહેલા આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્યારબાદ આ શિવભક્ત યુવાનોએ હર હર મહાદેવના નાદ સાથે ગામના શ્રી ભૂલેશ્વર મહાદેવ મંદિરમાં શિવજીના દર્શન કરી પગપાળા ધાર્મિક કાવડ યાત્રાનો પ્રારંભ કર્યો હતો.